# ભાજપ દ્વારા જીઈબી ખાતે વૃક્ષારોપણ દ્વારા નગરનો જન્મદિવસ ઉજવાશે

**ગાંધીનગર અને મુખ્યમંત્રી વિજય રૂપાણીના જન્મદિવસ નિમિત્તે આત્મનિર્ભર ભારત કાર્યક્રમ અન્વયે શહેરમાં વિવિધ ૧૮ સ્થળો પર વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાશે**

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગના ૫૬ માં સ્થાપના દિવસ નિમિત્તે આવતીકાલે સવારે ૯ કલાકે જી ઈ બી વી આઈ પી ગેસ્ટ હાઉસના બિલ્ડીંગમાં જયાં નગરની પ્રથમ ઈંટ મુકાઈ હતી તે સ્થળે વૃક્ષારોપણ કરીને ઉજવણી કરવામાં આવશે. કોરોનાની મહામારીમાં માત્ર ૧૦ વ્યકિતઓની હાજરીમાં આ કાર્યક્રમ સંપન્ન કરાશે. ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા શહેરના વિવિધ ૧૮ સ્થળોએ વૃક્ષારોપણ કરી આત્મનિર્ભર ભારત કાર્યક્રમનુ પણ આયોજન કરાયુ છે. આ તબક્કે મુખ્યમંત્રી તેમજ ભાજપના પ્રદેશ પ્રમુખ પણ ઓનલાઈન વકતવ્ય આપશે.

શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલે આ અંગે જણાંવ્યા મુજબ ગાંધીનગરના ૫૬ માં સ્થાપના દિવસ તેમજ મુખ્યમંત્રી વિજય રૂપાણીના જન્મદિવસ નિમિત્તે જી ઈ બી ગેસ્ટ હાઉસ ખાતે આત્મનિર્ભર ભારતના અભિગમને વેગ આપવા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાશે. કોરોનાની મહામારીના કપરા કાળમાં માત્ર૧૦ વ્યકિતઓ જ હાજરી આપશે. આ તબક્કે કોરોનાથી રક્ષણ મેળવવા માટે તમામ નિયમોનુ ચુસ્ત પાલન કરવામાં આવશે. આ ઉપરાંત શહેરમાં પણ જુદા જુદા ૧૮ સ્થળોએ પણ આ આત્મનિર્ભર ભારત કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં તમામ વોર્ડ ખાતે કાર્યકરો, કોર્પોરેટરો તથા સ્વૈચ્છિક સંસ્થાઓને જોડવામાં આવી છે. આ કાર્યક્રમમાં ગૃહ મંત્રી પ્રદિપસિંહ જાડેજા , રાજયસભાના સાંસદ રમિલાબેન બારા, મેયર રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા પણ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ દરમિયાન સવારે ૧૦ કલાકે મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ વકતવ્ય આપશે. વધુમાં યુવા દિશા કેન્દ્રના અધ્યક્ષ સંજીવ મહેતાએ આ અંગે જણાંવ્યુ હતુ કે લોકસભાના સાંસદ સી આર પાટીલ પણ સુરતથી ઓનલાઈન જોડાઈને વકતવ્ય આપશે.



વરસાદી મૌસમમાં અનેક પ્રકારના જીવજંતુઓની ઉત્પત્તિ થતી જોવા છે જેમાં મોટા ભાગના અલ્પજીવી જીવાણુઓ તથા કિટકો હોય છે. ચારેકોર ઉગી નીકળેલી વનસ્પતિમાં આ કિટકોની સંખ્યા મોટા પ્રમાણમાં જોવા મળી રહી છે જે મોટે ભાગે વનસ્પતિના પાન ખાઈને વૃધ્ધિ પામતા હોય છે.

# ગુજકોસ્ટે કોવિડ-૧૯ પર વિશેષ આઉટરીચ કાર્યક્રમ શરૂ કર્યો

ગાંધીનગર, તા.૩૧

કોરોના વાયરસે સમગ્ર સમાજની કસોટી ચાલુ રાખતા શુક્રવારે ગુજરાત વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ હરીત શુક્લા દ્વારા કોવિડ-૧૯ પર વિશેષ આઉટરીચ કાર્યક્રમ શરૂ કરાયો હતો. સિટીઝન સાયન્સ પ્રોગ્રામનો હેતુ બાળકો, નાગરિકો અને રોગચાળા સાથેના સંરક્ષણ કર્મચારીઓને લક્ષી ઉપયોગી બનાવવાનો છે.

ગુજકોસ્ટ દ્વારા ગુજરાત સાયન્સ સીટી ખાતેથી આ ઓનલાઈન કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વાત કરતાં હરીત શુક્લાએ કહ્યું કે, 'કોવિડ-૧૯ને એક મુશ્કેલ પડકાર છે પરંતુ તેની સામે લડવા સમાજ એકઠો થઈ ગયો છે અને અમે તેનું સંચાલન સારી રીતે કર્યું છે. ડોકટરો, આરોગ્ય કર્મચારીઓ, કોપ્સ 'કોરોના યોદ્ધા' બની રહ્યા છે તે જ રીતે આ સમયે પાણી અને વીજ અધિકારીઓ પણ તેમની ફરજ સારી રીતે બજાવી રહ્યાં છે આપણે તેમના પ્રયત્નોની પ્રશંસા





કરવી પડશે.'

હરીત શુક્લાએ આ વર્ષના અંત પહેલા કોરોના વાયરસ સામે જીત અંગે આશાવાદી હોવા સાથે તેમણે કહ્યું કે, રીકવરી રેટ ૭૦ ટકા છે જે એક સારો સંકેત છે અને મને આશા છે કે આ વર્ષના અંત સુધીમાં પરિસ્થિતિમાં સકારાત્મક પરિવર્તન આવશે.

આ વિશેષ સત્રને સંબોધન કરતાં પ્રખ્યાત નેફ્રોલોજિસ્ટ અને સોલા સિવિલ હોસ્પીટલના સિનિયર સલાહકાર ડો. મનોજ ગમ્બરે પરિસ્થિતિને કેવી રીતે સંચાલિત કરવી અને રોગચાળાની સ્થિતિને વધુ સંવેદનશીલ નાગરિકો અને બાળકોને બચાવવા માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સંકલિત આરોગ્ય સંભાળ સુવિધાઓની સુધારણા પર સંતોષ વ્યક્ત કર્યો હતો. આ દરમિયાન દિલ્હીથી જોડાતા ભારત સરકારના એનસીએસટીસી, ડીએસટીના સલાહકાર અને વડા, ડો. મનોજ પટેરીયાએ રોગપ્રતિકારક શક્તિ અને માનસિક સ્વાસ્થ્યમાં સુધારો કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે કોરોનાવાયરસ સંબંધિત માહિતી ફેલાવવા માટે કાર્ટૂન અને એનિમેશન પાત્રોનો ઉપયોગ કરવાનું પસંદ કર્યું હતું. આ પ્રોગ્રામ વિશે સમજાવતા ગુજકોસ્ટના સલાહકાર ડો. નરોત્તમ સાહુએ હોમ સર્વિસ પ્રોવાઈડર્સ અને સામાન્ય નાગરિકને આજે આપણે જેવું સામનો કરી રહ્યાં છીએ તેવા પડકારોને પહોંચી વળવા પ્રેરણા આપવા અને તેમને પ્રેરણા આપવા માટે પ્રેરણા આપીએ છીએ. ગુજકોસ્ટની પહેલને આવકારતા વિજ્ઞાનના પ્રસારના ભૂતપૂર્વ નિર્દેશકે જણાવ્યું હતું કે આવી ક્રિયાઓ જાગૃતિ લાવશે અને સમાજ પર સકારાત્મક અસર કરશે.

# જિલ્લાના ચાર તાલુકાના શહેરી-ગ્રામ્યના ૧૭ વિસ્તારના ૧,૨૬૦ વ્યક્તિઓનો નવા જાહેર કરેલા કન્ટેન્ટમેન્ટ ઝોનમાં સમાવેશ કરાયો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લાના જે ગામોમાં નોવેલ કોરોના વાઈરસના નવા પોઝિટીવ કેસો આવ્યા છે. તેમાં દહેગામ તાલુકામાં બે, ગાંધીનગર તાલુકામાં પાંચ, કલોલ તાલુકામાં ૦૭ અને માણસા તાલુકામાં ત્રણ ગામ- વિસ્તાર મળી જિલ્લાના કુલ- ૧૭ ગામ- શહેર ના અમુક વિસ્તારને કન્ટેન્ટમેન્ટ ઝોન તરીકે જિલ્લા કલેકટર શ્રી ર્ડા. કુલદીપ આર્યએ જાહેર કર્યો છે. નવા કન્ટેન્ટમેન્ટ ઝોનમાં ૪૯૨ ઘરોની ૧,૨૬૦ વસ્તીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ર્ડા. કુલદીપ આર્યએ જાહેરનામાં જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાના કલોલ, ગાંધીનગર અને દહેગામ તાલુકાના કુલ- ૧૭ ગામ – શહેર વિસ્તારમાં નોવેલ કોરોના વાયરસના નવા કેસો મળ્યા છે. તેવા શહેર - ગામોના અમુક વિસ્તારને કન્ટેન્ટમેન્ટ ઝોનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં દહેગામ તાલુકાના દહેગામ શહેરના ઉત્કંઠેશ્વર અને જીંડવા ગામનો વચલોવાસના કુલ- ૩૧ ઘરોની ૧૪૫ વ્યક્તિઓને નવા કન્ટેન્ટમેન્ટ ઝોનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ગાંધીનગર તાલુકાના ડભોડા ગામના ખેતર વિસ્તાર, મગોડી ગામમાં પ્રજાપતિ વાસ, નાના ચિલોડાની શ્રીનાથ સોસાયટી, પેથાપુર ગામમાં રાધિકા રેસીડેન્સી અને સરગાસણ વિસ્તારના સાર્થક ફલેટ વિસ્તારના કુલ ૯૧ ધરોની ૪૨૩ વ્યક્તિઓને નવા કન્ટેન્ટમેન્ટ ઝોનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. કલોલ તાલુકામાં બોરીસણા ગામની સપ્તપદી સોસાયટી, મોટી ભોયણ ગામની ટાટા હાઉસીંગ કોલોની, છત્રાલ ગામની માનસરોવર સોસાયટી, સાંતેજ ગામની લોર્સઉપારી રેસીટેન્સી, કલોલ શહેરમાં ઈશ્વરકૃપા, અનમોલ રેસીટેન્સી અને અસલમબાદ સોસાયટી ખાતેના ૩૧૪ ધરોના ૫૧૩ વ્યક્તિઓને નવા કન્ટેન્ટમેન્ટ ઝોનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. માણસા તાલુકામાં સમૌ ગામના જુના વણકર વાસ, વિહાર ગામના ચામુંડા નગર અને આનંદપુરા વેડા ગામના બાલમુકંદ હાઈટૂસ ના ૫૬ ધરોના ૧૭૯ વ્યક્તિઓને નવા કન્ટેન્ટમેન્ટ ઝોનમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં ફરજ પરના હાજર એકઝેકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લધન કરનાર ઈસમો વિરૂધ્ધ લેખિત ફરિયાદ નોંધાવવા માટે જિલ્લા કલેકટરશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવ્યા છે.




ગાંધીનગર શહેરમાં કોવિડ-૧૯ના પોઝિટિવ કેસોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જઈ રહી છે જેને અનુલક્ષીને આરોગ્ય વિભાગ દ્વારા હવે ડોર ટુ ડોર સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગની મહિલા હેલ્થ વર્કર્સ શહેરના રહીશોના ઘરે ઘરે જઈને આરોગ્ય અંગે જાણકારી મેળવી કોરોના સંક્રમણના લક્ષણો ધરાવતા નાગરિકોની માહિતી પ્રાપ્ત કરવા પ્રયાસ કરી રહી છે જેથી તેમની સઘન તપાસ અને ટેસ્ટ કરી સત્વરે સારવાર આપી શકાય તેમજ જો પોઝિટિવ હોય તો વધુ સંક્રમણ ફેલાવતા અટકાવી શકાય.

# રાંધેજા-રૂપાલ નારદીપુર માર્ગના વાઈડનીંગનુ ટુંકમાં કામ શરૂ કરાશે

## ૭ મીટર સાંકડા આ માર્ગને ૧૦ મીટર પહોળો કરવા ૧૨ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર, તા. ૩૧

રાંધેજા રૂપાલ નારદીપુર માર્ગના વાઈડનીંગનુ કામ ટુંકમાં હાથ ધરાશે. જિલ્લાના મુખ્ય આ ૧૦ કી મીના માર્ગના નવિનીકરણ માટે અંદાજિત રૂ ૧૨ કરોડનો ખર્ચ કરાશે.આગામી દિવસોમાં કાર્યયોજનાને અનુલક્ષી વર્ક ઓડર અપાયા બાદ ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે.

ગાંધીનગર જિલ્લાના વિવિધ ૭ જેટલા માર્ગોનુ છેલ્લા સાત વર્ષથી રીસરફેસીંગ કરાયુ નથી. જેના લીધે વરસાદી સિઝન બાદ માર્ગોની હાલત ઉબડ ખાબડ થશે. હાલ પણ આ માર્ગો કફોડી હાલતમા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે જિલ્લામાં રાંધેજા - રૂપાલ અને નારદીપુર તરફ જવાના માર્ગ પર પણ ટ્રાફિકની વિશેષ અવરજવર રહે છે. પરંતુ આ માર્ગ હાલ ૭ મીટરનો જ છે. જેના લીધે માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી બન્યો છે. રૂપાલ વરદાયિની મંદિર તરફ પણ વર્ષ દરમિયાન વિશેષ ટ્રાફિકની અવરજવર રહે છે. સાંસદ અમિત શાહે પણ જિલ્લામાં બિલેશ્વર, રામપુરા,રૂપાલ ગામને દત્તક લીધા છે. જયારે આ માર્ગની કામગીરીના પ્રારંભે તેમના હસ્તે ખાતમુહુર્ત પણ કરવામાં આવે તેવી સંભાવના છે. રાંધેજા રૂપાલ નારદીપુર માર્ગના હાલના સાત મીટરના માર્ગને ૧૦ મીટર પહોળો કરાશે આ ૧૦ . ૬૦૦ કીમીના માર્ગના વાઈડનીંગ પાછળ અંદાજિત ૧૨ કરોડનો ખર્ચ કરાશે આ અન્વયે ટેન્ડર પ્રકીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. ટુંકમાં જ કામગીરીને અનુલક્ષીને વર્ક ઓર્ડર પણ આપી દેવાતા આ માર્ગના વાઈડનીંગનુ ટુંકમાં કામ હાથ ધરાશે.

# ગુજરાતના વિશ્વપ્રસિદ્ધ આદ્યશકિત પીઠ અંબાજીનો કેન્દ્ર સરકારની પ્રસાદ પરિયોજનામાં સમાવેશ

**સોમનાથ-દ્વારિકા બાદ રાજ્યના ત્રીજા યાત્રાધામનો પ્રસાદ પરિયોજના અન્વયે વિકાસ થશે**

ગાંધીનગર, તા.૩૧

ગુજરાતના વિશ્વપ્રસિદ્ધ આદ્યશકિત યાત્રાધામ અંબાજીનો ભારત સરકારે 'પ્રસાદ' યોજનામાં સમાવેશ કર્યો છે.

કેન્દ્રીય પ્રવાસન મંત્રાલયે દેશના વધુ પાંચ તીર્થયાત્રા સ્થાનોનો આ યોજનામાં સમાવેશ કરવા કરેલી જાહેરાતમાં ગુજરાતના અંબાજીને પણ પ્રસાદ યોજના અન્વયે સાંકળી લેવાનો નિર્ણય કર્યો છે.

પ્રસાદ યોજનામાં અગાઉ સમાવિષ્ટ થયેલા સોમનાથ અને દ્વારકા સાથે હવે અંબાજી ગુજરાતનું ત્રીજું યાત્રા પ્રવાસન તીર્થ બન્યું છે જેનો પ્રસાદ યોજના અન્વયે વિકાસ થશે.

ગુજરાત પ્રવાસન નિગમે યાત્રાધામ અંબાજીનો પ્રસાદ પરિયોજનામાં સમાવેશ કરીને પ્રવાસન સુવિધા કેન્દ્ર, કોમ્યુનીટી કિચન, ગબ્બર પગથિયાં નવિનીકરણ જેવી પ્રવાસન-યાત્રી સુવિધાઓ વિકસાવવા ભારત સરકારમાં કરેલી દરખાસ્તનો કેન્દ્રીય પ્રવાસન મંત્રાલયે સ્વીકાર કરતાં હવે, અંબાજીને પ્રસાદ પરિયોજનામાં આવરી લેવાશે. અત્રે એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે, યાત્રાધામ અંબાજીને તાજેતરમાં જ શ્રેષ્ઠ યાત્રીક સુવિધાઓ માટે ISO 9001 સર્ટીફિકેટ પણ પ્રાપ્ત થયેલું છે.

# "પહેલી રાખી દેશપ્રેમી કી" અંતર્ગત રાજ્યના ૩૨ જિલ્લામાંથી બહેનો દ્વારા તૈયાર કરાયેલી ૨૧,૧૦૦ થી વધુ રાખડી- વિજયસૂત્રનો સંદેશ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને અર્પણ





ગાંધીનગર, તા. ૩૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરણાથી સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના ઉપક્રમે રક્ષાબંધનના પર્વ નિમિત્તે "મા ભોમની રક્ષા" કાજે ૨૪ કલાક ૩૬૫ દિવસ પોતાના જીવના જોખમે સરહદો ઉપર ફરજ બજાવતાં આપણા જાંબાજ જવાનોના રક્ષણ માટે અને તેમનું મનોબળ વધારવાના હેતુથી "પહેલી રાખી દેશપ્રેમ કી" દ્વારા ગુજરાતના ૧૮,૫૦૦ થી વધુ ગામોમાંથી બહેનો દ્વારા રાખડી તૈયાર કરવામાં આવી છે. ગુજરાતના ગામોમાંથી બહેનો દ્વારા સરહદ ઉપર ફરજ બજાવતા જવાનો માટે તૈયાર કરેલી અંદાજે ૨૧,૧૦૦ થી વધુ રાખડીઓ અને વિજયસૂત્રનો સંદેશ આજે રાજ્યના સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડના હોદ્દેદારો દ્વારા ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને અર્પણ કરવામાં આવ્યો હતો. બજારમાંથી ખરીદીને નહીં પણ ગુજરાતના ૧૮,૫૦૦ થી વધુ ગામડાની બહેનો દ્વારા તૈયાર કરાયેલ આ રાખડી અને પોતાની લોકભાષામાં લખેલા વિજયસૂત્રના સંદેશને ગુજરાત સરકાર વતી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા દેશની વિવિધ ૧૮ સરહદો ઉપર ફરજ બજાવતાં જવાનોને ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા મોકલી આપવામાં આવી છે.

ગુજરાતના ૧૮,૫૦૦ થી વધુ ગામની બહેનો દ્વારા બજારમાંથી ખરીદીને નહીં પણ પોતાના હાથે બનાવેલી રાખડી અને પોતાની લોકભાષામાં લખેલા વિજયસૂત્ર સંદેશને મુખ્યમંત્રી દ્વારા કચ્છ, ઊરી, જેસલમેર, સિયાચીન, ગલવાન અને બનાસકાંઠા સરહદે ફરજ બજાવતાં બીએસએફના જવાનોને જામનગર, ભૂજ, પઠાણકોટ, નલિયા, શ્રીનગર અને મકરપુરા ખાતે ફરજ બજાવતા ભારતીય વાયુદળના જવાનોને તેમજ ઓખા, પોરબંદર, મુંબઈ, લક્ષદ્વીપ, વિશાખાપટ્ટનમ અને આંદામાન-નિકોબાર ખાતે ફરજ બજાવતાં નૌકાદળના એમ ૧૮ સરહદી સ્થાનો ઉપર જવાનોને આ રાખડી અને વિજયસૂત્ર સંદેશ મોકલી આપવામાં આવ્યો છે.

આ "પહેલી રાખી દેશપ્રેમ કી" અંતર્ગત રાખડી અને વિજયસૂત્ર સંદેશ એકત્રિત કરવા માટે સવામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા વિવિધ આઠ ઝોન નક્કી કરવામાં આવ્યા હતા. જેમાં અમદાવાદ, અમરેલી, આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, બોટાદ, છોટાઉદેપુર, દાહોદ, દેવભૂમિ દ્વારકા, ગાંધીનગર, ગિરસોમનાથ, જામનગર, જૂનાગઢ, કચ્છ, ખેડા, મહેસાણા, મહિસાગર, મોરબી, નર્મદા, નવસારી, પંચમહાલ, પાટણ, પોરબંદર, રાજકોટ, સાબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર, તાપી, વડોદરા અને વલસાડ એમ કુલ ૩૨ જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ રાખડી અને વિજયસૂત્ર સંદેશ અર્પણ પ્રસંગે ગાંધીનગર ખાતે શ્રીમતી અંજલિબેન રૂપાણી તેમજ સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના હોદ્દેદાર- યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.



શહેરમાં એક તરફ કોરોના મહામારીના કારણે વિવિધ પ્રકારની ગાઈડલાઈન અમલમાં મુકવામાં આવી છે, બીજી તરફ બકરી ઈદ તથા રક્ષાબંધન જેવા તહેવારો પણ ઉપરાછાપરી આવી રહ્યા છે. આ સ્થિતિમાં શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર, સજાગ બન્યું છે. આ અંતર્ગત શહેરમાં ઘોડેસવાર પોલીસ દ્વારા પણ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે જેને નિહાળી નાગરિકો અચંબિત થઈ રહ્યા છે.

# ૭ ઓગસ્ટે વિજય રૂપાણી કેબીનેટને ચાર વર્ષ પૂર્ણ થશે

ગાંધીનગર, તા.૩૧

૧૯૬૦માં ગુજરાતની સ્થાપના થઈ ત્યારથી રાજ્યને ૧૬ મુખ્યમંત્રી મળી ચૂક્યા છે. જેમાંથી માત્ર ચાર મુખ્યમંત્રી ચાર વર્ષથી વધુ શાસન કરી શક્યા છે. હાલના સીએમ વિજય રુપાણી ૦૭ ઓગસ્ટના રોજ પોતાના કાર્યકાળના ચાર વર્ષ પૂરા કરનારા રાજયના પાંચમા સીએમ બની જશે. રાજયમાં સૌથી લાંબો સમય શાસન કરવાનો રેકોર્ડ નરેન્દ્ર મોદીના નામે છે, જેઓ ૪૬૧૦ દિવસ શાસન કરી ચૂક્યા છે. રુપાણીના પુરોગામી આનંદીબેન પટેલે ૮૦૮ દિવસ શાસન કર્યું હતું. જોકે, ઉનામાં દલિતો પર થયેલા હુમલા બાદ સર્જાયેલી સ્થિતિ અને પાટીદાર આંદોલનને કાબૂમાં લેવામાં નિષ્ફળ જવા બદલ આનંદીબેનને પદ છોડવું પડ્યું હતું.

ગુજરાતના રાજકીય ઈતિહાસમાં અત્યારસુધી માત્ર છ મુખ્યમંત્રીઓ જ બીજી ટર્મ મેળવવામાં સફળ રહ્યા છે, જેમાંથી વિજય રુપાણી પણ એક છે. રુપાણીએ પોતાના પુરોગામી આનંદીબેન પટેલ પાસેથી સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારથી જ તેઓ અનિશ્ચિતતા વચ્ચે શાસનની ધૂરા સંભાળતા રહ્યા છે. તેમને સીએમ પદ પરથી હટાવાશે તેવી અફવાઓ પણ તેમના કાર્યકાળ દરમિયાન અનેકવાર ઉડી ચૂકી છે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી ભાજપે રુપાણીના નેતૃત્વમાં જ લડી હતી, જોકે તેમને બીજી ટર્મ મળશે કે કેમ તે અંગે તે અટકળો અને અનિશ્ચિતતાઓ પ્રવર્તી રહી હતી. તે બધા વચ્ચે પણ રુપાણી બીજી ટર્મ મેળવવામાં સફળ રહ્યા હતા.

રાજયમાં પાટીદાર આંદોલન ચરમસીમા પર હતું, અને તેની સાથે અન્ય જ્ઞાતિઓ પણ આંદોલનના માર્ગે હતી ત્યારે રુપાણીએ રાજયના શાસનની ધૂરા સંભાળી હતી. તેમના શાસનકાળમાં પણ રાજયમાં કેટલાક કૌભાંડો અને વિવાદોએ તેમનો પીછો નથી છોડ્યો. રુપાણીના નેતૃત્વમાં રાજયમાં છેલ્લે જે પેટાચૂંટણી થઈ તેમાં ભાજપનો ધબડકો થયો હતો. ભાજપના એક વરિષ્ઠ નેતાનું માનીએ તો રુપાણી દરેક વસ્તુને બેલેન્સ કરવાની આવડત ધરાવે છે. તેઓ લોકનેતા તરીકે પોતાની મર્યાદા જાણે છે, પરંતુ લોકો સાથે સંપર્ક કરવાની તેમની ક્ષમતા અને ફલેક્સિબલ માઈન્ટસેટ તેમની સફળતાની ચાવી છે.